કોન્ટ્રાકટરોને આયાતી ડામરનો ઉપયોગ
કરવાની પરવાનગી આપવા બાબત.

ગુજરાત સરકાર,
પરિપત્ર ક્રમાંકઃ– એસટીઆર/૧૦૨૦૦૬/૧૫૭૭/૮/હ
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તાઃ૨/૯/૨૦૦૮.

–:: પ રિ પ ત્ર ::–

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના રસ્તાઓનું બાંધકામ અને તેની મરામત અને જાળવણી અંગેની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ રસ્તાઓના બાંધકામ, મરામત અને જાળવણી માટે રાજ્ય અને પંચાયત વિભાગો દ્વારા રીફાઈનરીઓમાંથી જરૂરી ડામર મેળવવામાં આવે છે. કામોમાં જરૂરી ડામર, ઈજારદાર દ્વારા બારોબાર ભારત સરકારના જાહેર સાહસની ઓઈલ કંપનીઓ (IOC, HP,વગેરે..) માંથી ખરીદ કરી વાપરવામાં આવે છે.

રીફાઈનરી દ્વારા ડામરના વધતા ભાવો, પીક સીઝનમાં ડામર મેળવવામાં થતો વિલંબ તેમજ વધુ કામોને ઓછા સમયમાં પૂર્ણ કરવા અર્થે ડામરનો સપ્લાય એક કરતા વધુ એજન્સીઓ દ્વારા થાય તે માટે આયાતી ડામરના ઉપયોગની પરવાનગી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ માટે ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન દ્વારા પણ રજુઆત કરવામાં આવેલ.

આ બાબતોની સમગ્ર વિચારણાને અંતે એવું નકકી કરવામાં આવે છે કે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના રસ્તાઓના બાંધકામ, તેની મરામત અને જાળવણીની કામગીરીમાં આયાતી ડામરનો ઉપયોગ કરી શકાશે. આ પ્રમાણે ઉપયોગમાં લેવાનાર આયાતી ડામર માટે નીચે મુજબની શરતો અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૧. આયાતી ડામરની ગુણવત્તા ટેન્ડરના સ્પેસીફીકેશન મુજબની હોવી જોઈશે.

૨. આયાતી ડામરના સ્ટાર રેટ સાથેના ભાવ તફાવત અંગે કરારનામાના બી–૧ ફોર્મના કલોઝ–૬૭(એ) અને બી–૨ ફોર્મના કલોઝ–૫૯(એ) માં દર્શાવેલ હાલની તમામ શરતો લાગુ પડશે.

૩. આયાતી ડામરના કિસ્સામાં ભાવ તફાવતની ગણતરી માટે જે તે વખતે ભારતીય પોર્ટ ઉપરથી ખરીદ ભાવ અથવા તે સમયનો EX. Refinary (ભારત સરકારના